આકાશવાણી ભુજ

સમાચાર વાચક : વિરલ રાણા

ડીઇઓ : પ્રદિ□  ચાવડા

તારીખ : 01-10-2024          સમય : સાંજે 6.25 વાગ્યે

---

## નર્મદા ડેમ વધામણા-CM

સરદાર સરોવર નર્મદા ડેમ સંપૂર્ણ ભરાતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા આજે નર્મદાના વધામણાં કરવામાં આવ્યા હતા. શ્રી પટેલે નર્મદાને ચુંદડી, શ્રીફળ અને દૂધનો અભિષેક કરીને નર્મદાની આરતી પણ ઉતારી હતી. વધામણાં બાદ નર્મદા ડેમના 10 ગેટ ખોલવામાં આવ્યા હતા. આ સાથે નદીમાં 85 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. તબક્કાવાર પાણી છોડાતા ભરૂચ, નર્મદા અને વડોદરાના 42 ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા.

હવે નર્મદાનું પાણી કચ્છ સુધી જવાનું હોવાથી આગામી દિવસોમાં ઉનાળો આકરો રહે તો પણ બે વર્ષ સુધી ચાલે એટલી માત્રામાં પાણીનો સંગ્રહ થઈ ગયો છે. ડેમ સંપૂર્ણ ભરાતા દક્ષિણ ગુજરાતના ખેડૂતોમાં હર્ષની લાગણી વ્યાપી છે.

RNU અમદાવાદ

---

## કે.મંત્રી મનસુખ માંડિયા-પોરબંદર

પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આવતીકાલે પોરબંદરના પ્રવાસે છે. ગાંધી જયંતિ પ્રસંગે તેઓ સવારે 6 વાગે સ્વચ્છતા અભિયાન અંતર્ગત દરિયા કિનારે સફાઈ કાર્યક્રમાં જોડાશે. સવારે આઠ વાગે તઓ કીર્તિ મંદિર ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરશે તેમજ પ્રાર્થના સભામાં ભાગ લેશે.

RNU અમદાવાદ

---

## સીએમ-કેબિનેટ બેઠક

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠકમાં રાજ્યમાં વરસાદની સ્થિતિ અને ખેડૂતોને થયેલા પાક નુક્સાન અંગે ચર્ચા કરવામાં આવી છે. આ બેઠકમાં તાત્કાલિક સહાય માટેના પગલાંની ચર્ચા સાથે, આગામી તહેવારોને લઈને સરકારના વિવિધ કાર્યક્રમો અને આયોજન પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

DD NEWS

---

## રાજ્ય નવરાત્રિ પર્વ – અંબાજી, આશાપુરા મંદિર

3 ઑક્ટોબરથી નવરાત્રીનો પ્રારંભથી રહ્યો છે, ત્યારે રાજ્યના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી તેમજ બહુચરાજી સહિત માતાજીના અન્ય સાત દેવસ્થાનો ખાતે ભવ્ય ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સાંસ્કૃતિક મંત્રી મુળુભાઈ બેરાના નેતૃત્વમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા અંબાજી ખાતે 3થી 11 ઑક્ટોબર જ્યારે મહેસાણાના બહુચરાજી શક્તિપીઠ ખાતે 3થી 12 ઑક્ટોબર દરમિયાન નવરાત્રીનું ભવ્ય આયોજન કરાશે. આ ઉપરાંત નવરાત્રીના નવ દિવસોમાં માતાજીના અન્ય સાત દેવસ્થાન ખાતે પણ એક દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ તમામ કાર્યક્રમોમાં રાજ્યના ખ્યાતનામ કલાકારો પર્ફોમ કરશે.

દરમિયાન કચ્છના યાત્રાધામ માતાનામઢ ખાતે આશાપુરા માતાજીના મંદિરે આવતીકાલે ઘટસ્થાપનની ધાર્મિક વિધિ બાદ આશ્વિન નવરાત્રિનો પ્રારંભ થશે, જેને લઇને આગોતરી તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે. દેશદેવી માં આશાપુરા માતાજીના સ્થાનક માતાનામઢમાં આગામી આસો નવરાત્રિ પર્વનો પ્રારંભ મઢ જાગીરના અધ્યક્ષ યોગેન્દ્રસિંહજી રાજાબાવાના હસ્તે ઘટસ્થાપનની ધાર્મિકવિધિ બાદ 3 ઓક્ટોબર ગુરૂવારથી થશે. આસો સુદ સાતમ અને 10 મી ઓક્ટોબરે મોડી રાતે શ્રીફળ હોમ વિધિ સાથે આ પર્વનું સમાપન થશે.

RNU અમદાવાદ /N.P. વિરલ રાણા

---

## ગાંધીધામ-કટરા ટ્રેન

અમદાવાદ ડિવિઝનથી ચાલતી અને પસાર થતી 3 ટ્રેનો આંશિક પરિવર્તિત કરાયેલા રૂટ પર દોડશે. ઉત્તર રેલવેના ફિરોઝપુર ડિવિઝનના જલંધર કેન્ટ સ્ટેશન પર વિકાસ કામ માટે ટ્રાફિક અને ઓએચઈ બ્લોકને કારણે ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા, જામનગર-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા અને હાપા-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ ટ્રેનો આંશિક રીતે પરિવર્તિત કરવામાં આવશે. 5 ઓક્ટોબરની ગાંધીધામ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ પરિવર્તિત માર્ગ વાયા લુધિયાણા-ફિલ્લૌર-નકોદર-લોહીયાં ખાસ-કપૂરથલા-જલંધર સિટીના રસ્તે ચાલશે.

N.P. વિરલ રાણા

---

## કચ્છ-સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ

“સ્વચ્છતા હી સેવા-૨૦૨૪” અંતર્ગત કચ્છ જિલ્લામાં તાલુકા અને ગ્રામ્યકક્ષાએ આઇકોનિક સ્થળો, જાહેર સ્થળોએ સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હતી. તેમજ આવા સ્થળોએ સિંગલ યુઝ પ્લાસ્ટિક કચરાનો યોગ્ય નિકાલ પણ કરવામાં આવ્યો હતો.

દરમિયાન સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જિલ્લા સ્વસહાય જૂથની બહેનો સાથે સખી ટોક-શો યોજાયો હતો. બહેનોને સ્વચ્છતા,

ગોબરધન તેમજ વર્મીકંપોસ્ટ અને પશુ શેડની સ્વચ્છતા વિશે સમજૂતી આપવામાં આવી હતી.

માહિતી ખાતુ

---

## રા□ ર નગર□ાલીકા-રાજક□ટ કમિશનર મુલાકાતે

હાલ ચાલી રહેલા સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત રાપર નગરપાલિકા કચેરી તથા નગર પાલિકા વિસ્તારના વિવિધ વિસ્તારોમાં રાજકોટ પ્રાદેશિક નગરપાલિકા નિયામકની કચેરીના કમિશનરે મુલાકાત લીધી હતી અને નગરપાલિકાના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ જરૂરી સુચનો આપી હતી. ઉપરાંત કચેરી ખાતે કર્મચારીઓને દ્વારા કઇ રીતે કામગીરી કરવી અને લોકોની સુખાકારી માટે વિવિધ યોજનાઓ અને સ્વચ્છતા હી સુંદરતા અંગે માહિતી આપી હતી.

N.P. વિરલ રાણા

---

## ગાંધીધામ રેલવે કર્મચારી સન્માન

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે સુરક્ષિત ટ્રેન સંચાલનમાં શ્રેષ્ઠ કામગીરી બદલ 4 કર્મચારીઓને સન્માનિત કર્યા હતા. જેમાં ગાંધીધામના રેલવે કર્મચારીઓનો સમાવેશ થાય છે. મંડળ રેલ પ્રબંધક

સુધીર કુમાર શર્માએ તેમને સન્માનિત કરતાં જણાવ્યું કે મુસાફરોની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીધામના સીતારામ મીણા (ફિટર), ભૂપસિંહ મીણા અને સુરેશ ચંદ મીણાએ અણધારી ઘટનાઓને અટકાવી યોગ્ય પગલાં લીધા, જેનાથી મોટી દુર્ઘટનાઓ ટળી હતી.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------------